**આ પૉલિસીમાં ઈન્વેસ્ટમેન્ટ પોર્ટફોલિયોમાં રોકાણનું જોખમ પૉલિસીધારક ભોગવે છે.**

**"યુનિટ લિંક્ડ ઈન્શ્યૉરન્સ પ્રોડક્ટ્સ કૉન્ટ્રાક્ટના પ્રથમ પાંચ વર્ષ સુધી કોઈ જ પ્રવાહિતા પૂરી નથી પાડતા. પૉલિસીધારકો આ પાંચ વર્ષ પૂર્ણ ન થાય ત્યાં સુધી યુનિટ લિંક્ડ ઈન્શ્યૉરન્સમાં રોકાણ કરેલા પૈસા પૂરેપૂરા અથવા આંશિક ઉપાડ નથી કરી શકતા કે સરન્ડર નથી કરી શકતા."**

## એસબીઆઈ લાઈફ – સ્માર્ટ પાવર ઈન્શ્યૉરન્સ શા માટે?

એસબીઆઈ લાઈફ – સ્માર્ટ પાવર ઈન્શ્યૉરન્સ બે ફંડ વિકલ્પો પૂરાં પાડે છે, જે તમને તમારી પસંદગી અનુસાર રોકાણોનું સક્રિય પ્રબંધન કરવાની સ્વતંત્રતા અથવા માર્કેટની અસ્થિરતા સામે તમારા પોર્ટફોલિયોને સંતુલિત કરવાની અમારી નિપુણતાનો લાભ લેવાની તક પૂરી પાડે છે. એસબીઆઈ લાઈફ – સ્માર્ટ પાવર ઈન્શ્યૉરન્સ એક ઈન્ડિવિજ્યુઅલ, યુનિટ–લિંક્ડ, નૉન–પાર્ટિસિપેટિંગ લાઈફ ઈન્શ્યૉરન્સ પ્રોડક્ટ છે.

## મુખ્ય વિશેષતાઓ

- **સુરક્ષા :** બે પ્લાન વિકલ્પોમાંથી પસંદ કરો :
  - **લેવલ કવર વિકલ્પ** – પ્રારંભમાં પસંદ કરેલ વીમા રકમ પૉલિસીની સંપૂર્ણ મુદત સુધી એ જ રહે છે.
  - **ઈનક્રીઝિંગ કવર વિકલ્પ** – પ્રારંભિક વીમા રકમ 6ઠ્ઠા પૉલિસી વર્ષથી શરૂ કરતા અને ત્યારબાદ દર 5 વર્ષે કોઈપણ વધારાના અંડરરાઈટિંગ વિના 10%થી વૃદ્ધિ પામે છે.
- **ઈનબિલ્ટ એક્સેલરેટેડ ટોટલ ઍન્ડ પર્મેનન્ટ ડિસએબિલિટી (ટીપીડી) લાભ :** પૉલિસી લાભને તમારો લિવિંગ બેનિફિટ બનાવવા એડવાન્સ કરવાનો લાભ.
- **લવચિકતા :** પ્રોડક્ટ હેઠળ નીચે જણાવેલ ઉપલબ્ધ છે :
  - **બે ફંડ વિકલ્પોમાંથી પસંદગી કરો** –
    1. **ટ્રિગર ફંડ વિકલ્પ** – ઉપલબ્ધ 'ઓછી કિંમતે ખરીદવું અને ઉંચી કિંમતે વેચવું'નો લાભ.
    2. **સ્માર્ટ ફંડ્સ વિકલ્પ** – વિવિધ 10 ફંડમાંથી પસંદગીનો વિકલ્પ.
  - **પોર્ટફોલિયો ટ્રાન્સફર ઑપ્શન :** પસંદ કરેલ ફંડ વિકલ્પ બદલો – ટ્રિગર ફંડ અથવા સ્માર્ટ ફંડ્સ, કોઈપણ પૉલિસી વર્ષગાંઠે.
- **પ્રવાહિતા :** 6ઠ્ઠા પૉલિસી વર્ષથી આંશિક ઉપાડ મારફત આકસ્મિક ખર્ચાઓની કાળજી લેવામાં આવે છે.


## ઉદાહરણ

**મિ. રામે એસબીઆઈ લાઈફ – સ્માર્ટ પાવર ઈન્શ્યૉરન્સ પૉલિસી હેઠળ લેવલ કવર વિકલ્પ પસંદ કર્યો છે. જેની વિગતો નીચે મુજબ છે :**

| | | |
|---|---|---|
| **વીમિત વ્યક્તિની ઉંમર :** 35 વર્ષ | **પ્રીમિયમની વારંવારતા :** વાર્ષિક | **પૉલિસી મુદત :** 20 વર્ષ |
| **વીમા રકમ :** ₹10,00,000 દર વર્ષ | **વાર્ષિકીકૃત પ્રીમિયમ :** ₹1,00,000 | **ફંડ વિકલ્પ :** સ્માર્ટ ફંડ્સ વિકલ્પ<br>**ફંડ :** 100% ઈક્વિટી ફંડ |


1. **મેચ્યોરિટી બેનિફિટ (લમ્પસમ) :** પાકતી તારીખે, રામનો મેચ્યોરિટી બેનિફિટ અનુમાનિત રોકાણ વળતરો આધારે નીચે જણાવેલ છે :

**અનુમાનિત દરે ફંડ વેલ્યૂ મેચ્યોરિટી^^ પર :**
**@4% ₹24,66,399**
**@8% ₹38,47,928**



2. **ડેથ બેનિફિટ (લમ્પસમ) :** જો 10મા પૉલિસી વર્ષના અંતે રામનું દુર્ભાગ્યપૂર્ણ મૃત્યુ થાય તો અનુમાનિત રોકાણ વળતરો આધારે મૃત્યુ લાભ નીચે કોષ્ટકમાં દર્શાવ્યા મુજબ રહે છે :

**અનુમાનિત દરે ડેથ બેનિફિટ^^ પર :**
**@4% ₹10,71,790**
**@8% ₹13,35,940**




*^^ફંડ મૂલ્યના આંકડાંઓ માત્ર દૃષ્ટાંત હેતુસર અને સ્વસ્થ જીવન માટે છે. ઉપર જણાવેલા 4% અને 8% દર વર્ષ વળતરના અનુમાનિત દરો લાગુ થતા બધાં જ ચાર્જિસ ધ્યાનમાં લીધા પછી માત્ર દૃષ્ટાંતરૂપ સ્થિતિ છે. આ ગૅરંટેડ નથી અને તે વળતરની ઉચ્ચ અથવા નિમ્ન મર્યાદા નથી. યુનિટ લિંક્ડ લાઈફ ઈન્શ્યૉરન્સ પ્રોડક્ટ્સ બજારના જોખમોને આધિન છે. આ કૉન્ટ્રાક્ટ હેઠળ ઑફર કરાતા વિવિધ ફંડો માત્ર ફંડના નામ છે અને કોઈપણ રીતે આ પ્લાન્સની ગુણવત્તા તથા તેની ભાવિ સંભાવનાઓ અને વળતરોનો નિર્દેશ કરતા નથી. વધુ માહિતી માટે કૃપા કરી તમારા પૉલિસી વિશિષ્ટ લાભ દૃષ્ટાંત માટે વિનંતી કરો.*

## પ્લાનની વિગતો

| | | | |
|---|---|---|---|
| **પ્રવેશ સમયે ઉંમર*** | **ઓછામાં ઓછી :** 18 વર્ષ | **વધુમાં વધુ :** 45 વર્ષ | |
| **પાકતી મુદત પર વધુમાં વધુ ઉંમર*** | 65 વર્ષ | | |
| **પ્રીમિયમની રકમ** (₹**100**ના ગુણાંકમાં) | **પ્રીમિયમની વારંવારતા** | **ઓછામાં ઓછી** | **વધુમાં વધુ** |
| | વાર્ષિક | ₹15,000 | કોઈ સીમા નથી, બોર્ડ માન્ય અંડરરાઈટિંગ નીતિને આધિન |
| | અર્ધ-વાર્ષિક | ₹9,500 | |
| | ત્રૈમાસિક | ₹5,500 | |
| | માસિક## | ₹2,000 | |
| **પૉલિસીની મુદત** | 10 વર્ષ થી 30 વર્ષ (બંને સહિત) | | |
| **પ્રીમિયમ ચૂકવણીની મુદત** | પૉલિસીની મુદત જેટલી જ | | |
| **પ્રીમિયમની વારંવારતા** | વાર્ષિક/અર્ધ-વાર્ષિક/ત્રૈમાસિક/માસિક## | | |
| **મૂળભૂત વીમા રકમ** | વાર્ષિકીકૃત પ્રીમિયમ^ x 10<br>વધુમાં વધુ મૂળભૂત રકમ બોર્ડ માન્ય અંડરરાઈટિંગ નીતિ અનુસાર રહેશે. | | |
| | કોઈપણ સમયે વીમા રકમ લેવલ અને વધતા કવર વિકલ્પ બંને માટે ₹50,00,000થી વધુ નહીં થાય. | | |
| **ઈનબિલ્ટ એક્સેલરેટેડ ટીપીડી બેનિફિટ** | અકસ્માત અથવા બીમારીને લીધે ટીપીડી થવાના કિસ્સામાં 100% મૃત્યુ લાભ તરત જ ચૂકવી દેવામાં આવશે અને ત્યારબાદ પૉલિસી રદ થઈ જશે. | | |

**ઉંમર સંબંધિત બધા જ સંદર્ભો છેલ્લા જન્મ દિવસ મુજબ ઉંમર માટેના છે.*
*##માસિક પ્રકાર માટે, 3 મહિનાનું સુધીની પ્રીમિયમ એડવાન્સમાં ભરવાનું રહે છે અને રીન્યૂઅલ પ્રીમિયમની ચૂકવણી માત્ર ઈલેક્ટ્રૉનિક ક્લીઅરિંગ સિસ્ટમ (ઈસીએસ), ક્રેડિટ કાર્ડ, ડાયરેક્ટ ડેબિટ અને SI-EFT દ્વારા જ કરી શકાશે.*
*^જ્યાં વાર્ષિકીકૃત પ્રીમિયમ એટલે વર્ષ દરમિયાન લાગુ થતા કરવેરા બાદ કરતા ચૂકવવાના રહેતા પ્રીમિયમની રકમ.*
*વિવિધ ચાર્જિસ જેવા કે 'પ્રીમિયમ એલોકેશન ચાર્જિસ', 'ફંડ મેનેજમેન્ટ ચાર્જિસ' ઈત્યાદિ કાપી લેવામાં આવે છે. ચાર્જિસની સંપૂર્ણ યાદી અને તે લાગુ થવા વિશે જાણવા કૃપા કરી સેલ્સ બ્રોશર જુઓ.*

## વળતર પર પ્રતિબંધ

**વખતો વખત સુધારો કરાતી વીમા ધારા 1938ની કલમ 41 :**

ક) કોઈપણ વ્યક્તિએ કોઈપણ વ્યક્તિને જીવન અથવા ભારતમાં મિલ્કત સંબંધિત કોઈપણ પ્રકારના જોખમો સંદર્ભે વીમો લેવા અથવા રીન્યૂ કરવા અથવા ચાલુ રાખવા પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે ચૂકવવાપાત્ર કમિશનની પૂરેપૂરી અથવા આંશિક રકમનું વળતર અથવા પૉલિસીમાં દર્શાવેલા પ્રીમિયમની કોઈપણ છૂટ પ્રલોભન તરીકે આપવી કે આપવા ન દેવી જોઈએ, ન તો પૉલિસી લેનાર, રીન્યૂ કરનાર અથવા ચાલુ રાખનાર વ્યક્તિએ આવી કોઈપણ છૂટ સ્વીકારવી જોઈએ સિવાય કે વીમો કરનારના પ્રકાશિત કરાતા પ્રોસ્પેક્ટસ અથવા ટેબલો અનુસાર માન્ય છૂટ હોય.

ખ) આ કલમની જોગવાઈઓના પાલનમાં કસૂરવાર ઠરનાર કોઈપણ વ્યક્તિ દંડને પાત્ર રહેશે જે ₹10 લાખ સુધી વધી શકે છે.

**Toll-free No.:** 1800 267 9090 | SMS '**LIBERATE**' to 56161 | **Email:** info@sbilife.co.in | **Web:** www.sbilife.co.in
(Between 9.00 am & 9.00 pm)

એસબીઆઈ લાઈફ – સ્માર્ટ પાવર ઈન્શ્યૉરન્સ એક ઈન્ડિવિજ્યુઅલ, યુનિટ-લિંક્ડ, નૉન-પાર્ટિસિપેટિંગ લાઈફ ઈન્શ્યૉરન્સ પ્રોડક્ટ છે.

**છેતરામણીભર્યા ફોન કૉલ્સ અને કાલ્પનિક/છેતરપીંડીવાળી ઓફરોથી સાવધ રહો :**
IRDAI, ઈન્શ્યૉરન્સ પૉલિસી વેચવી, બોનસ જાહેર કરવા કે પ્રીમિયમનું ઈન્વેસ્ટમેન્ટ કરવા જેવી ગતિવિધીઓ સાથે સંકળાયેલી નથી. આવા કૉલ્સ મેળવનાર જાહેર જનતાને વિનંતી છે કે તેઓ પોલિસમાં તેની ફરિયાદ કરે.

યુનિટ લિંક્ડ લાઈફ ઈન્શ્યૉરન્સ પ્રોડક્ટસ પરંપરાગત ઉત્પાદનોથી અલગ છે અને બજારના જોખમોને આધિન છે. યુનિટ લિંક્ડ ઈન્શ્યૉરન્સ પૉલિસીઓમાં ચૂકવેલા પ્રીમિયમો કૅપિટલ માર્કેટ સાથે સંકળાયેલા રોકાણ જોખમોને આધિન છે અને યુનિટોની એનએવી કૅપિટલ માર્કેટને અસર કરતા પરિબળો તેમ જ ફંડની કામગીરી આધારે વધી કે ઘટી શકે છે અને વીમાકૃત તેના/તેણીના નિર્ણય માટે જવાબદાર રહે છે. એસબીઆઈ લાઈફ ઈન્શ્યૉરન્સ કંપની લિમિટેડ એ વીમા કંપનીનું નામ માત્ર છે તથા એસબીઆઈ લાઈફ – સ્માર્ટ પાવર ઈન્શ્યૉરન્સ, યુનિટ લિંક્ડ લાઈફ ઈન્શ્યૉરન્સ કૉન્ટ્રાક્ટનું નામ છે અને તે કોઈપણ રીતે કૉન્ટ્રાક્ટની ગુણવત્તા, તેની ભાવિ સંભાવનાઓ અથવા વળતરોનો નિર્દેશ નથી કરતું. કૃપા કરી સંકળાયેલા જોખમો અને લાગુ થતા ચાર્જિસ વિશે તમારા વીમા એજંટ અથવા મધ્યસ્થી પાસેથી અથવા તો વીમા કંપની દ્વારા જારી કરાયેલા પૉલિસી દસ્તાવેજમાંથી જાણી લો. આ કૉન્ટ્રાક્ટ હેઠળ ઑફર કરાતા વિવિધ ફંડો માત્ર ફંડના નામ છે અને કોઈપણ રીતે આ પ્લાન્સની ગુણવત્તા તેમની ભાવિ સંભાવનાઓ અને વળતરોનો નિર્દેશ કરતા નથી. ફંડ ઑપ્શન્સની ભૂતકાળની કામગીરી ભાવિ કામગીરીની દ્યોતક નથી. આ પૉલિસી હેઠળ ચૂકવવાપાત્ર બધાં જ લાભો કર કાયદાઓ અને વખતો વખત લાગુ થતા અન્ય ફિસ્કલ એનેક્ટમેંટ્સને આધિન રહે છે, કૃપા કરી વિગતો માટે તમારા કર સલાહકારની સલાહ લો. જોખમી પરિબળો તથા નિયમો અને શરતો વિશે વધુ વિગતો માટે વેચાણનો નિર્ણય કરતા પહેલા કૃપા કરી સેલ્સ બ્રોશર કાળજીપૂર્વક વાંચો. ઉપર દર્શાવેલ ટ્રેડ લોગો સ્ટેટ બૅન્ક ઑફ ઈન્ડિયાનો છે અને એસબીઆઈ લાઈફ દ્વારા તે લાઈસન્સ હેઠળ ઉપયોગ કરવામાં આવ્યો છે. એસબીઆઈ લાઈફ ઈન્શ્યૉરન્સ કંપની લિમિટેડ, રજિસ્ટર્ડ અને કૉર્પોરેટ ઑફિસ : નટરાજ, એમ. વી. રોડ અને વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે જંક્શન, અંધેરી (પૂર્વ), મુંબઈ – 400 069. **IRDAI રજિ. નં. 111** I CIN : L99999MH2000PLC129113.

NW/1C/ver1/02/22/SP/GUJ